Memorial Sloan Kettering Cancer Center

દદીર્ અને સંભાળદાતા શિક્ષણ

તમારી થાઇરોઇડ સજર્રી વિશે

આ માગર્દશિર્કા તમને MSK ખાતે થનારી તમારી થાઇરોઇડ ગરં્થિની સજર્રી માટે તૈયાર થવામાં મદદ કરશે. એ તમને તમારી સાજા થવાની પર્કિર્યા દરમિયાન શું થઈ શકે એ સમજવા પણ મદદ કરશે.

આ માગર્દશિર્કાનો તમારી સજર્રી પહેલાંના દિવસોમાં માહિતીના સંદભર્ તરીકે ઉપયોગ કરો. તમે જ્યારે પણ MSK આવો, ત્યારે દરેક વખતે આ સાથે લાવજો, જેમાં તમારી સજર્રીના દિવસનો પણ સમાવેશ થાય છે. તમારી સમગર્ સારવાર દરમિયાન તમે અને તમારા આરોગ્યની સંભાળ રાખનાર ટીમ આ માગર્દશિર્કાનો ઉપયોગ કરશો.

તમારી થાઇરોઇડ સજર્રી વિશે

આ વિભાગ વિશે

થાઇરોઇડ એ તમારા ગળામાં આવેલી એક ગરં્થિ છે. થાઇરોઇડ ગરં્થિ એવા હોમોર્ન્સ બનાવે છે જે તમારાં હૃદયના ધબકારા, શરીરનું તાપમાન, ખોરાકને પાચન કરવામાં અને શરીરની અન્ય ઘણી પર્કિર્યાઓને અસર કરે છે થાઇરોઇડેક્ટોમી સજર્રીમાં થાઇરોઇડ ગરં્થિનો અમુક ભાગ કે આખી ગરં્થિ કાઢી નાખવામાં આવે છે. થાઇરોઇડના કેન્સરની સજર્રી કરતા 1.5 થી 3 કલાકનો સમય લાગે છે. સજર્રી પછી કેટલાક લોકોનો અવાજ કકર્શ (ઘોઘરો) અથવા નબળો થઈ શકે છે. જેમ જેમ ગળું સાજું થાય તેમ તેમ ઘણીવાર અવાજ સારો થવા લાગે છે. તમારી સજર્રી કયા પર્કારની છે અને રિકવરી વખતે તમને શું થઈ શકે છે, એ વિશે તમારી સંભાળ રાખનાર ટીમ તમને જણાવશે

તમારી થાઇરોઇડ ગ્રંથિ વિશે

તમારી **થાઇરોઇડ ગ્રંથિ**એ તમારા ગળાના આગળના નીચલા ભાગમાં આવેલી એક નાની, પતંગિયાના આકારની ગ્રંથિ છે (આકૃતિ 1 જુઓ). તે એવા હોર્મોન્સ બનાવે છે, જે તમારા શરીર દ્વારા ઑક્સિજન અને કેલરીને ઊર્જામાં કેવી રીતે ફેરવવામાં આવે છે તેનું નિયંત્રણ કરે છે. તમારી થાઇરોઇડ ગ્રંથિ બે ભાગોથી બનેલી છે - ડાબો લોબ અને જમણો લોબ. આ બંને લોબ જ્યાં જોડાય છે તેને ઇસ્થમસ કહેવામાં આવે છે.

તમારી **પેરાથાઇરોઇડ ગ્રંથિઓ** તમારી થાઇરોઇડ ગ્રંથિની પાછળ આવેલી 4 નાની ગ્રંથિઓ છે. એ એક હોર્મોન બનાવે છે, જે તમારા લોહીમાં કેલ્શિયમના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

લિમ્ફ નોડ્સ તમારા આખા શરીરમાં આવેલી નાની અંડાકાર અથવા ગોળાકાર રચનાઓ છે. તે તમારી રોગપ્રતિકારક શક્તિ (ઇમ્યુન સિસ્ટમ)નો ભાગ છે. તે ચેપ સામે લડતા કોષો બનાવે છે અને સંગ્રહિત કરે છે. તે તમારા લિમ્ફેટિક પ્રવાહીમાંથી બેક્ટેરિયા, વાયરસ, કેન્સરના કોષો અને અન્ય કચરાને પણ ફિલ્ટર કરે છે.



ચિતર્ 1. તમારી થાઇરોઇડ ગરં્થિ

તમારી થાઇરોઇડ ગરં્થિને દૂર કરવી

થાઇરોઇડની સજર્રી તમારા ગળાના આગળના નીચલા ભાગમાં એક ચીરો (સજિર્કલ કટ) મૂકીને કરવામાં આવે છે. આ સજર્રીમાં લગભગ 2 થી 3 કલાક લાગે છે.

તમારા સજર્ન તમારી સંપૂણર્ થાઇરોઇડ ગરં્થિની તપાસ કરશે અને કેન્સરવાળા ભાગોને દૂર કરશે. તેઓ તમારી થાઇરોઇડ ગરં્થિની બાજુમાં આવેલા લિમ્ફ નોડ્સની પણ તપાસ કરશે. જેમાં કેન્સરના કોષો હોય અથવા હોવાની શક્યતા હોય, તે દૂર કરવામાં આવશે.

- **લોબેક્ટોમી** અથવા **હેમિ-થાઇરોઇડેક્ટોમી** એટલે તમારી થાઇરોઇડ ગરં્થિનો અડધો ભાગ (1 લોબ) દૂર કરવામાં આવે છે.
- **ટોટલ થાઇરોઇડેક્ટોમી** એટલે તમારી સંપૂણર્ થાઇરોઇડ ગરં્થિ દૂર કરવામાં આવે છે.

તમારી સજર્રી પહેલાં તમારા સજર્ન તમને શું અપેક્ષા રાખવી તે વિશે સમજાવશે.

ચેતાને થતી ઇજાઓ

તમારી થાઇરોઇડ ગ્રંથિની ખૂબ નજીક 2 ચેતાઓ (નર્વ્સ) આવેલી છે. તે તમારા લેરીન્ક્સ (વૉઇસ બોક્સ)ને કાર્ય કરવામાં મદદ કરે છે. આ ચેતાઓને રિકરન્ટ લેરીન્જિયલ નર્વ અને સુપિરિયર લેરીન્જિયલ નર્વ કહેવામાં આવે છે. તમારી થાઇરોઇડ સર્જરી દરમિયાન આ ચેતાઓને અસર થઈ શકે છે.

- તમારી **રિકરન્ટ લેરીન્જિયલ નર્વ** તમારી થાઇરોઇડ ગ્રંથિની પાછળથી પસાર થઈને તમારા વૉઇસ બોક્સ સુધી જાય છે. ગાંઠ (ટ્યુમર) આ ચેતાની નજીક હોઈ શકે છે અથવા સર્જરી દરમિયાન આ ચેતાને ઇજા થઈ શકે છે. જો આવું થાય, તો તમારા વોકલ કોર્ડ્સ (તમારા વૉઇસ બોક્સમાં આવેલી પેશીઓની 2 પટ્ટીઓ, જે તમને બોલવામાં મદદ કરે છે)ને નુકસાન થઈ શકે છે. તેના કારણે તમારો અવાજ બેસી શકે છે. થાઇરોઇડ સર્જરી પછી અવાજ બેસી જવો સામાન્ય છે અને સમય જતાં તેમાં ઘણીવાર સુધારો થાય છે.
- તમારી **સુપિરિયર લેરીન્જિયલ નર્વ** તમારા અવાજની તીવ્રતા અને પિચ વધારવામાં મદદ કરે છે. જો આ ચેતા નબળી પડી જાય અથવા તેને ઇજા થાય, તો તે તમારા અવાજની પિચ અને સ્વરને અસર કરી શકે છે. તેના કારણે તમને મોટેથી બોલવામાં અથવા ગાવામાં મુશ્કેલી પડી શકે છે.

તમારી થાઇરોઇડ સર્જરી પહેલાં તમારા આરોગ્યસંભાળ પ્રદાતા તમારા વોકલ કોર્ડ્સ કેવી રીતે કાર્ય કરે છે તેની તપાસ કરશે. તે સામાન્ય રીતે કાર્ય કરતા હોય, પરંતુ ગાંઠ (ટ્યુમર) મોટી હોય અથવા તમારી રિકરન્ટ લેરીન્જિયલ નર્વ અથવા સુપિરિયર લેરીન્જિયલ નર્વની નજીક હોય શકે છે. જો આવું હોય, તો સર્જરી દરમિયાન ચેતાને ઇજા થવાનું જોખમ વધારે હોય છે. આ દુર્લભ છે, પરંતુ સર્જરી પછી તમારા વોકલ કોર્ડ્સમાં સમસ્યાઓ થઈ શકે છે.

સર્જરી પછી તમારા અવાજમાં એવા ફેરફારો થઈ શકે છે, જેમાં સુધારો ન થાય. જો આવું થાય, તો તમારા ગળાની તપાસ કરવા માટે તમારે એક પ્રક્રિયા કરાવવાની જરૂર પડી શકે છે.

જો તમારી ચેતાઓને ઇજા થઈ હોય, તો તમારા અવાજમાં સુધારો કરવા માટે કેટલીક સારવાર ઉપલબ્ધ છે. તેમાં સજર્રી અથવા તમારા વોકલ કોડર્માં ઇન્જેક્શન (શૉટ) આપવાનો સમાવેશ થાય છે. તમારે લેરીન્ગોલોજિસ્ટ (અવાજના ડૉક્ટર)ને પણ મળવાની જરૂર પડી શકે છે. તમારા આરોગ્યસંભાળ પર્દાતા તમારી સાથે આ વિકલ્પો વિશે ચચાર્ કરશે.

ભાગ્યે જ, ચેતાને થયેલી ઇજા શ્વાસ લેવામાં મુશ્કેલીનું કારણ બની શકે છે. જો આવું થાય, તો તરત જ તમારા આરોગ્યસંભાળ પર્દાતાનો સંપકર્ કરો. જો તમે તરત તેમનો સંપકર્ ન કરી શકો, તો નજીકના ઇમજર્ન્સી રૂમમાં જાઓ.

હાઇપોકેલ્સિમિયા (લોહીમાં કેલ્શિયમનું નીચું સ્તર)

તમારી સજર્રી પછી, તમને અસ્થાયી રૂપે પેરાથાઇરોઇડ ડિસફંક્શન થઈ શકે છે. આનો અથર્ એ છે કે તમારી પેરાથાઇરોઇડ ગર્ંથિઓ તમારા લોહીમાં કેલ્શિયમનું યોગ્ય સ્તર જાળવી રાખવા માટે પૂરતું હોમોર્ન બનાવી શકશે નહીં. આ અસ્થાયી છે (થોડા સમય માટે રહે છે). પરંતુ તેના કારણે હાઇપોકેલ્સિમિયા થઈ શકે છે, એટલે કે તમારા લોહીમાં કેલ્શિયમનું પર્માણ ખૂબ ઓછું થઈ જાય.

હાઇપોકેલ્સિમિયાને કારણે તમારા હાથ, પગ અને મોઢાની આસપાસના ભાગમાં સુન્નતા અથવા ઝણઝણાટી થઈ શકે છે. જો તમને આમાંથી કોઈપણ લક્ષણો જણાય, તો તરત જ તમારા આરોગ્યસંભાળ પર્દાતાનો સંપકર્ કરો. જો તમારા લોહીમાં કેલ્શિયમનું પર્માણ ખૂબ ઓછું થઈ જાય, તો તે ગંભીર નુકસાનકારક હોઈ શકે છે.

તમારી સજર્રી પછી તમારા આરોગ્યસંભાળ પર્દાતાઓ તમારા લોહીમાં કેલ્શિયમનું સ્તર તપાસશે. જો તમને હાઇપોકેલ્સિમિયા હશે, તો તેને નિયંતિર્ત કરવા માટે તેઓ તમને દવા આપશે. વધુ માહિતી માટે "હાઇપોકેલ્સિમિયાનું નિયંતર્ણ" અને "કેલ્શિયમ સપ્લિમેન્ટ્સ લેવાં" વિભાગો વાંચો.

તમારી થાઇરોઇડ સજર્રી પહેલાં

આ વિભાગ તમને તમારી સજર્રી માટે તૈયાર થવામાં મદદ કરશે. જ્યારે તમારી સજર્રી

નક્કી થાય, ત્યારે આ વાંચો. જેમ જેમ તમારી સજર્રી નજીક આવતી જાય, તેમ તેમ આને વાંચો એમાં તૈયારી કરવા માટે શું કરવું તે અંગે જરૂરી માહિતી આપી છે.

તમે આ વિભાગ વાંચો ત્યારે તમારા આરોગ્યસંભાળ પર્દાતાને પૂછવા માટેના પર્શ્નો લખી રાખો.

આ વિભાગ વિશે

તમે લેતા હોય એ બધી જ દવાઓ અને સપ્લીમેન્ટ્સ વિશે તમારી સંભાળ રાખનાર ટીમને જણાવો. તેઓને તમારી એલજીર્, દારૂ પીતા હોય કે તમાકુનું સેવન કરતા હોય અને સ્લીપ અપનિયા હોય તો એ વિશે પણ જણાવો. દવાઓ વિશે, ક્યારે દારૂ પીવાનું અને તમાકુ ખાવાનું છોડવું એ વિશે તેઓ જે સૂચનાઓ આપે એ પર્માણે કરો. આ માગર્દશિર્કા, આરામદાયક કપડાં અને સ્લીપ એપનિયા માટે શ્વાસ લેવાનું સીપીએપી મશીન અથવા જો બીજું કોઈ મશીન વાપરતા હોય તો એ લઈ આવો. હોસ્પિટલમાંથી રજા આપ્યા પછી તમને ઘરે લઈ જવા માટે કોઈ વ્યક્તિની (કેરગિવર) ગોઠવણ કરો.

સજર્રી માટે તૈયારી

સજર્રી માટે તૈયારી કરવા તમે અને તમારી સંભાળ રાખનાર ટીમ સાથે મળીને કામ કરશો. જો તમને નીચેમાંથી કોઈપણ બાબત લાગુ પડતી હોય તો અમને જણાવો, પછી ભલે તમને એની ખાતરી ન હોય. એ જાણવાથી અમે તમને સલામત રાખવા મદદ કરી શકીશું,

- હું ડૉક્ટરે લખી આપેલી દવાઓ લઉ છું. પિર્સ્કિર્પ્શન દવા તે છે જે તમે ફક્ત આરોગ્યસંભાળ પર્દાતાના પિર્સ્કિર્પ્શન સાથે જ મેળવી શકો છો. ઉદાહરણોમાં શામેલ છે:
    - ગળીને લેવામાં આવતી દવાઓ.
    - ઇન્જેક્શન (શોટ) દ્વારા લેવાતી દવાઓ.
    - શ્વાસ દ્વારા લેવાતી દવાઓ.

    - ત્વચા પર પેચ અથવા ક્રીમ તરીકે લગાડવામાં આવતી દવાઓ.
- હું પ્રિસ્ક્રિપ્શન વગર મળતી કોઈપણ દવાઓ લઉં છું. જેમાં પેચ અને ક્રીમ પણ સામેલ છે. ઓવર-ધ-કાઉન્ટર દવાઓ એવી દવા છે જે તમે પ્રિસ્ક્રિપ્શન વિના ખરીદી શકો છો.
- હું જડીબુટ્ટીઓ, વિટામિન, ખનિજો અથવા કુદરતી કે ઘરગથ્થુ ઉપચારો જેવા કોઈપણ સપ્લિમેન્ટ્સ લઉં છું.
- મારી પાસે પેસમેકર, ઓટોમેટિક ઇમ્પ્લાન્ટેબલ કાર્ડિયોવર્ટર-ડિફિબ્રિલેટર (AICD) અથવા હૃદય સાથે સંબંધિત અન્ય કોઈ ઉપકરણ છે.
- મને ભૂતકાળમાં એનેસ્થેશિયા (બેભાન કરવાની દવા) સાથે કોઈ સમસ્યા થઈ હતી. એનેસ્થેશિયા એ એવી દવા છે, જે સર્જરી અથવા પ્રક્રિયા દરમિયાન તમને બેભાન રાખે છે.
- મને કેટલીક દવાઓ અથવા સામગ્રીથી એલર્જી છે. જેમાં રબરના હાથના મોજાં જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે.
- હું લોહી ચઢાવવાની સારવાર સ્વીકારવા તૈયાર નથી.
- હું નશા માટે વપરાતા પદાર્થોનો ઉપયોગ કરૂં છું. જેમ કે, ગાંજો.

તમે જે દવાઓ અને સપ્લિમેન્ટ્સ લો છો એ બધા વિશે તમારા આરોગ્યસંભાળ પ્રદાતાઓને હંમેશા જાણ હોય તેની ખાતરી કરો.

તમે જે દવાઓ અને સપ્લિમેન્ટ્સ લો છો, એના આધારે સર્જરી પહેલાં તમારે ખાસ સૂચનાઓનું પાલન કરવાની જરૂર પડી શકે છે. જો તમે આ સૂચનાઓનું પાલન નહીં કરો, તો તમારી સર્જરી થવામાં મોડું થઈ શકે છે અથવા એને કેન્સલ કરવી પડી શકે છે.

વજન ઘટાડવા માટેની GLP-1 દવાઓ

તમે કદાચ GLP-1 દવા લઈ રહ્યા છો. જો એમ હોય, તો તમારા ડૉક્ટરને એ વિશે જણાવવું જરૂરી છે. તમારી શસ્ત્રક્રિયા અથવા પ્રક્રિયા પહેલાં તમારે ખાવા-પીવા માટેની ખાસ સૂચનાઓનું પાલન કરવાની જરૂર પડશે. **આ સૂચનાઓનું પાલન કરવું ખૂબ જ જરૂરી**

છે. જો તમે તેમનું પાલન નહીં કરો, તો તમારી શસ્ત્રક્રિયા અથવા પ્રક્રિયામાં વિલંબ થઈ શકે છે અથવા રદ થઈ શકે છે.

- **તમારી શસ્ત્રક્રિયા અથવા પ્રક્રિયાના આગલા દિવસે સ્પષ્ટ પ્રવાહી આહાર લેવાનું નિયમ રાખો.** કોઈપણ ઘન ખોરાક ખાશો નહીં. વધુ જાણવા માટે *Clear Liquid Diet* (www.mskcc.org/cancer-care/patient-education/clear-liquid-diet) વાંચો.
- **તમારા આગમનના 8 કલાક પહેલા પીવાનું બંધ કરો.** આ સમય પછી કંઈપણ ખાશો કે પીશો નહીં, જેમાં સ્પષ્ટ પ્રવાહી પણ સામેલ છે. તમે તમારી દવાઓ સાથે પાણીના નાના ઘૂંટડા લઈ શકો છો.

વધુ જાણવા માટે, [bXNrLW5vZGUtbGluazogMzE4MDM2] વાંચો.

GLP-1 દવાઓના કેટલાક ઉદાહરણો અહીં આપેલા છે. આ ઉપરાંત પણ ઘણું બધું છે, તેથી એ ખાતરી કરો કે તમારી સંભાળ લેનારી ટીમ તમે લો છો તે તમામ દવાઓથી વાકેફ હોય. ક્યારેક, આ ડાયાબિટીસ અથવા અન્ય પરિસ્થિતિઓને નિયંત્રિત કરવામાં મદદ કરવા માટે સૂચવવામાં આવે છે. બીજા સમયે, તેઓ વજન ઘટાડવા માટે લખી આપે છે.

• સેમાગ્લુટાઇડ (વેગોવી®, ઓઝેમ્પિક®, રાયબેલ્સસ®) • ડુલાગ્લુટાઇડ (ટ્રુલિસિટી®)	• તિઝેર્પેટાઇડ (ઝેપબાઉન્ડ®, મૌનજારો®) • લીરાગ્લુટાઇડ (સેક્સેન્ડા®, વિક્ટોઝા®)

દારૂ પીવા વિશે

તમે કેટલા પ્રમાણમાં દારૂ પીવો છો તે વિશે તમારા આરોગ્યસંભાળ પ્રદાતાઓ સાથે વાત કરવી જરૂરી છે. એ જાણવાથી અમને તમારી સંભાળ રાખવામાં મદદ મળશે.

જો તમે નિયમિત રીતે દારૂ પીતા હો, તો તમારી સર્જરી દરમિયાન અને પછી તમને સમસ્યાઓ થવાનું જોખમ હોઈ શકે છે. આમાં લોહી વહેવું, ચેપ લાગવો, હૃદયની સમસ્યાઓ અને લાંબા સમય સુધી હોસ્પિટલમાં રહેવાનો સમાવેશ થાય છે.

જો તમે નિયમિતપણે દારૂ પીતા હોવ અને અચાનક બંધ કરી દો, તો એનાથી આંચકી આવી શકે, મગજ બરાબર કામ ન કરે અને મૃત્યુ પણ થઈ શકે છે. જો અમને ખબર હોય કે તમને આ સમસ્યાઓ થવાનું જોખમ છે, તો અમે એ રોકવા માટે દવા લખી શકીએ છીએ.

તમારી સજર્રી પહેલાં સમસ્યાઓ ટાળવા માટે તમે નીચેની બાબતો કરી શકો છો.

- તમે કેટલા પર્માણમાં દારૂ પીવો છો, એ વિશે તમારા આરોગ્યસંભાળ પર્દાતાઓને સાચી માહિતી આપો.
- તમારી સજર્રીનું આયોજન થઈ જાય પછી દારૂ પીવાનું બંધ કરવાનો પર્યાસ કરો. જો તમને નીચેનીમાંથી કંઈપણ થાય, તો તરત જ તમારા આરોગ્યસંભાળ પર્દાતાને જણાવો:
  - માથાનો દુખાવો થાય.
  - ઉબકા આવવા લાગે (જેમ કે તમને ઉલટી થવાની હોય).
  - સામાન્ય કરતાં વધુ ચિંતા (ગભરાટ અથવા બેચેની) અનુભવતા હો.
  - ઊંઘ ન આવતી હોય.

આ દારૂ છોડવાથી થતી અસરોના શરૂઆતના લક્ષણો છે અને એની સારવાર કરી શકાય છે.

- જો તમે દારૂ પીવાનું બંધ કરી શકતા ન હો, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાને જણાવો.
- દારૂ પીવા અને સજર્રી સંબંધિત તમારા કોઈપણ પર્શ્નો તમારા આરોગ્યસંભાળ પર્દાતાને પૂછો. હંમેશાંની જેમ, તમારી તમામ તબીબી માહિતી ખાનગી રાખવામાં આવશે.

ધૂમર્પાન વિશે

જો તમે ધૂમર્પાન કરતા હો અથવા ઇલેક્ટ્રોનિક ધૂમર્પાન ઉપકરણનો ઉપયોગ કરતા હો, તો સજર્રી દરમિયાન તમને શ્વાસ લેવામાં સમસ્યાઓ થઈ શકે છે. ઇલેક્ટ્રોનિક ધૂમર્પાન ઉપકરણો જેવા કે વેપ્સ અને ઈ-સિગારેટ. સજર્રી પહેલાં થોડા દિવસો માટે પણ ધૂમર્પાન

બંધ કરવાથી સજર્રી દરમિયાન અને પછી શ્વાસને લગતી સમસ્યાઓ ટાળવામાં મદદ મળી શકે છે.

જો તમે ધૂમર્પાન કરતા હો, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતા તમને અમારા તમાકુ સારવાર કાયર્ક્રમ માટે રિફર કરશે. તમે 212-610-0507 નંબર પર ફોન કરીને પણ આ કાયર્ક્રમનો સંપકર્ કરી શકો છો.

સ્લીપ એપનિયા વિશે

સ્લીપ એપનિયા એ ઊંઘ દરમિયાન શ્વાસ લેવામાં થતી એક સામાન્ય સમસ્યા છે. જો તમને સ્લીપ એપનિયા હોય, તો ઊંઘ દરમિયાન થોડા સમય માટે તમારો શ્વાસ બંધ થઈ જાય છે. ઓબસ્ટ્રક્ટિવ સ્લીપ એપનિયા (OSA) એનો સૌથી સામાન્ય પર્કાર છે. એમાં તમે ઊંઘતા હો ત્યારે શ્વાસ લેવાનો માગર્ બંધ થઈ જાય છે.

OSAને કારણે સજર્રી દરમિયાન અને સજર્રી પછી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. જો તમને સ્લીપ એપનિયા હોય અથવા તમને લાગે કે તમને સ્લીપ એપનિયા હોઈ શકે છે, તો અમને જણાવો. જો તમે શ્વાસ લેવાના મશીનનો (CPAP) ઉપયોગ કરતા હો, તો એ તમારી સજર્રીના દિવસે સાથે લાવો.

MSK MyChart નો ઉપયોગ

MSK MyChart (mskmychart.mskcc.org)એ MSKનું દદીર્ પોટર્લ છે. એનો ઉપયોગ કરીને તમે તમારી સંભાળ રાખનાર ટીમને સંદેશા મોકલી શકો છોઅને તેમના સંદેશા વાંચી શકો છો, તમારા રીપોટર્ જોઈ શકો છો, તમારી મુલાકાતોની તારીખ અને સમય જોઈ શકો છો અને અન્ય ઘણી સુવિધાઓનો ઉપયોગ કરી શકો છો. તમે તમારા સંભાળ રાખનારને પણ તેમનું પોતાનું એકાઉન્ટ બનાવવા માટે આમંતિર્ત કરી શકો છો, જેથી તેઓ તમારી સંભાળ સંબંધિત માહિતી જોઈ શકે.

જો તમારી પાસે MSK MyChart એકાઉન્ટ ન હોય, તો તમે mskmychart.mskcc.org પર જઈને સાઇન અપ કરી શકો છો. તમે તમારી સંભાળ રાખનાર ટીમના કોઈ સભ્યને પણ જણાવી શકો છો કે તે તમને આમંતર્ણ મોકલે.

જો તમને તમારા એકાઉન્ટ સંબંધિત મદદની જરૂર હોય, તો MSK MyChart હેલ્પ ડેસ્કને 646-227-2593 નંબર પર ફોન કરો. તેઓ સોમવારથી શુક્રવાર, સવારે 9 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી (ઈસ્ટનર્ સમય મુજબ) ઉપલબ્ધ હોય છે.

તમારી સજર્રીના 30 દિવસની અંદર

સજર્રી પહેલાની તપાસ (PST)

તમારી સજર્રી પહેલાં તમારી પિર્સજિર્કલ ટેસ્ટિંગ (PST)ની મુલાકાત હશે. તમને તમારી સજર્નની ઓફિસ તરફથી તમારી મુલાકાતની તારીખ, સમય અને સ્થળ યાદ કરાવવામાં આવશે. MSKના તમામ કેન્દ્રોમાં પાકિર્ંગની માહિતી અને ત્યાં પહોંચવાના રસ્તા વિશે જાણવા માટે www.msk.org/parking જુઓ.

તમારી PST મુલાકાતના દિવસે તમે સામાન્ય રીતે ખાઈ-પી શકો છો અને તમારી નિયમિત દવાઓ લઈ શકો છો.

તમારી મુલાકાત વખતે નીચેની વસ્તુઓ સાથે લાવવાથી મદદ મળશે:

- તમે લેતા હો એવી તમામ દવાઓની યાદી, જેમાં પિર્સ્ક્રિપ્શનવાળી દવાઓ, પિર્સ્ક્રિપ્શન વગર મળતી દવાઓ, શરીર પર લગાડવાના પેચ અને કરીમનો સમાવેશ થાય છે.
- જો તમારી પાસે ઉપલબ્ધ હોય, તો છેલ્લા 1 વષર્ દરમિયાન MSKની બહાર કરાવવામાં આવેલા કોઈપણ તબીબી પરીક્ષણોના રિપોટર્. ઉદાહરણ તરીકે, હૃદયનો સ્ટ્રેસ ટેસ્ટ, ઇકોકાડિર્યોગરામ અથવા કેરોટિડ ડોપ્લરના રિપોટર્સ.
- તમારા ડૉક્ટરોનાં નામ અને ટેલિફોન નંબર.

તમારી PST મુલાકાત દરમિયાન તમે એડવાન્સ પરેક્ટિસ પરોવાઇડર (APP) ને મળશો. તેઓ MSKના એનેસ્થેસિયોલોજી (બેભાન કરવાની દવા અને એની સંભાળ) વિભાગના સ્ટાફ સાથે મળીને કામ કરે છે. આ એવા ડૉક્ટરો છે, જેમને સજર્રી અથવા અન્ય પરક્રિયા દરમિયાન એનેસ્થેસિયા (બેભાન કરવાની દવા) આપવાની ખાસ તાલીમ મળેલી હોય છે.

તમારા APP તમારી સાથે તમારા અગાઉના રોગો અને અગાઉ થયેલી સજર્રીઓ વિશે ચચાર્ કરશે તમારી સારવારનું આયોજન કરવા માટે તમારે નીચે મુજબના કેટલાક રિપોટર્ કરાવવાની જરૂર પડી શકે છે:

- તમારા હૃદયના ધબકારાની લય તપાસવા માટે ઇલેક્ટ્રોકાડિર્યોગ્રામ (EKG).
- છાતીનો એક્સ-રે.
- લોહીનો રિપોટર્.

તમારા APP તમને અન્ય આરોગ્યસંભાળ પર્દાતાઓને મળવાની ભલામણ કરી શકે છે. તેઓ તમારી સાથે એ વિશે પણ વાત કરશે કે તમારી સજર્રીના દિવસે સવારે કઈ દવા(ઓ) લેવી.

તમારા સંભાળ રાખનારને ઓળખો

તમારી સંભાળ રાખનાર વ્યક્તિની તમારી સંભાળ રાખવામાં મહત્ત્વપૂણર્ ભૂમિકા હોય છે. તમારી સજર્રી પહેલાં, તમે અને તમારા સંભાળ રાખનાર વ્યક્તિ તમારા આરોગ્યસંભાળ પર્દાતાઓ પાસેથી તમારી સજર્રી વિશે માહિતી મેળવશો. તમારી સજર્રી પછી, જ્યારે તમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે ત્યારે, તમારા સંભાળ રાખનાર વ્યક્તિ તમને ઘરે લઈ જશે. તેઓ તમને ઘરે તમારી સંભાળ રાખવામાં પણ મદદ કરશે.

સંભાળ રાખનારાઓ માટે

કેન્સરની સારવાર લઈ રહેલી વ્યક્તિની સંભાળ રાખવામાં ઘણી જવાબદારીઓ હોય છે. આ જવાબદારીઓ પૂરી કરવા અમે જરૂરી માહિતી અને મદદ આપીએ છીએ. વધુ જાણવા માટે www.msk.org/caregivers ની મુલાકાત લો અથવા *A Guide for Caregivers* (www.mskcc.org/cancer-care/patient-education/guide-caregivers) વાંચો.

હેલ્થકેર પર્ોક્સી ફોમર્ ભરવું

જો તમે હજુ સુધી હેલ્થ કેર પર્ોક્સી ફોમર્ ભયુરં્ ન હોય, તો અમે ભલામણ કરીએ છીએ

કે તમે હવે તે ભરી લો. જો તમે પહેલેથી જ હેલ્થ કેર પર્રોક્સી ફોમર્ ભયુરં હોય અથવા સારવાર અંગેની પહેલેથી આપેલી બીજી કોઈ લેખિત સૂચનાઓ હોય, તો ફરી આવો ત્યારે લઈને આવો

હેલ્થ કેર પર્રોક્સી એક કાનૂની દસ્તાવેજ છે. એમાં જણાવવામાં આવે છે કે જો તમે પોતે વાતચીત કરી શકતા ન હો, તો તમારા માટે કોણ વાત કરશે. આ વ્યક્તિને તમારા આરોગ્ય સંભાળ એજન્ટ કહેવામાં આવે છે.

- આરોગ્ય સંભાળ પર્રોક્સીઓ અને અન્ય એડવાન્સ નિદેર્શો વિશે જાણવા માટે, *Advance Care Planning for People With Cancer and Their Loved Ones* (www.mskcc.org/cancer-care/patient-education/advance-care-planning) વાંચો.
- આરોગ્ય સંભાળ એજન્ટ બનવા વિશે જાણવા માટે, *How to Be a Health Care Agent* (www.mskcc.org/cancer-care/patient-education/how-be-health-care-agent) વાંચો.

જો તમને હેલ્થ કેર પર્રોક્સી ફોમર્ ભરવા અંગે કોઈ પર્શ્નો હોય, તો તમારી સંભાળ રાખનાર ટીમના સભ્ય સાથે વાત કરો.

શ્વાસ લેવાની અને ખાંસવાની કસરતો કરો

તમારી સજર્રી પહેલાં ઊંડા શ્વાસ લેવાની અને ખાંસી કરવાની કસરતોનો અભ્યાસ કરો. તમારા ફેફસાં સારી રીતે ફૂલે અને વિસ્તરે તે માટે તમારા આરોગ્યસંભાળ પર્દાતા તમને ઇન્સેન્ટિવ સ્પાયરોમીટર આપશે. વધુ માહિતી માટે, સંસાધન *How To Use Your Incentive Spirometer* (www.mskcc.org/cancer-care/patient-education/how-use-your-incentive-spirometer) વાંચો. જો તમને કોઈ પર્શ્નો હોય, તો તમારી નસર્ અથવા રેસિ્પરેટરી થેરાપિસ્ટને પૂછો.

શારીરિક પર્વૃત્તિ કરવી

શારીરિક પર્વૃત્તિ કરવાથી તમારું શરીર મજબૂત બનશે અને સજર્રી વખતે કોઈ સમસ્યા

નહિ આવે. એ તમને જલદી સાજા મદદ કરશે.

દરરોજ શારીરિક પર્વૃત્તિ કરવાનો પર્યાસ કરો. ચાલવું, તરવું અથવા સાયકલ ચલાવવું જેવી કોઈપણ પર્વૃત્તિ કરો, જેનાથી તમારા હૃદયના ધબકારા ઝડપી બને. જો બહાર ઠંડી હોય, તો તમારા ઘરમાં સીડીનો ઉપયોગ કરો અથવા મોલ કે શોપિંગ સેન્ટરમાં જાઓ.

પોષણથી ભરેલો ખોરાક લો

સજર્રી પહેલાં શરીરને જરૂરી પોષક તત્ત્વો મળી રહે એવો ખોરાક લો. જો તમને તમારા ખોરાક અંગે કંઈ જાણવું હોય, તો ક્લિનિકલ ડાયેટિશિયન ન્યુટિર્શનિસ્ટ સાથે મુલાકાત ગોઠવવા વિશે તમારા આરોગ્યસંભાળ પર્દાતા સાથે વાત કરો.

તમારી સજર્રીના 7 દિવસ પહેલાં

એસ્પિરિનની દવા લેવાની બાબતમાં તમારા ડૉક્ટરની સૂચનાઓનું પાલન કરો

એસ્પિરિન લેવાથી રક્તસર્ાવ થઈ શકે છે. જો તમે એસ્પિરિન અથવા એસ્પિરિન ધરાવતી કોઈ દવા લેતા હો, તો તમારી સજર્રીના 7 દિવસ પહેલાં એ ઓછા-વધતા પર્માણમાં લેવાની અથવા બંધ કરવાની જરૂર પડી શકે છે. તમારા ડૉક્ટરની સૂચનાઓનું પાલન કરો. **જ્યાં સુધી તેઓ તમને જણાવે નહીં ત્યાં સુધી એસ્પિરિન લેવાનું બંધ કરશો નહીં.**

વધુ જાણવા માટે, *How To Check if a Medicine or Supplement Has Aspirin, Other NSAIDs, Vitamin E, or Fish Oil* (www.mskcc.org/cancer-care/patient-education/common-medications-containing-aspirin-and-other-nonsteroidal-anti-inflammatory-drugs-nsaids) વાંચો.

વિટામિન E, મલ્ટિવિટામિન્સ, આયુવેર્દિક ઉપચારો અને અન્ય પુરક સપ્લિમેન્ટ્સ લેવાનું બંધ કરો

વિટામિન E, મલ્ટિવિટામિન્સ, આયુવેર્દિક ઉપચાર અને અન્ય પુરક સપ્લિમેન્ટ્સ રક્તસ્તર્ાવનું કારણ બની શકે છે. તમારી શસ્તર્ક્રિયાના 7 દિવસ પહેલાં તેને લેવાનું બંધ કરો. જો તમારા આરોગ્ય સેવા પર્દાતા તમને અન્ય સૂચનાઓ આપે, તો તેને અનુસરો.

વધુ જાણવા માટે, *Herbal Remedies and Cancer Treatment* (www.mskcc.org/cancer-care/patient-education/herbal-remedies-and-treatment) વાંચો.

તમારી સર્જરીના 2 દિવસ પહેલાં

સ્ટીરોઇડ વગરની દુખાવો અને સોજો ઘટાડતી કેટલીક દવાઓ (NSAIDs) લેવાનું બંધ કરો

આઇબુપ્રોફેન (Advil® અને Motrin®) અને નેપ્રોક્સેન (Aleve®) જેવી નોનસ્ટેરોઇડલ એન્ટી-ઇન્ફ્લેમેટરી દવાઓ (NSAIDs) રક્તસ્રાવનું કારણ બની શકે છે. તમારી સર્જરીના 2 દિવસ પહેલાં આ દવાઓ લેવાનું બંધ કરો. જો તમારા આરોગ્ય સેવા પ્રદાતા તમને અન્ય સૂચનાઓ આપે, તો તેને અનુસરો.

વધુ જાણવા માટે *How To Check if a Medicine or Supplement Has Aspirin, Other NSAIDs, Vitamin E, or Fish Oil* (www.mskcc.org/cancer-care/patient-education/common-medications-containing-aspirin-and-other-nonsteroidal-anti-inflammatory-drugs-nsaids)વાંચો.

તમારી સર્જરીના 1 દિવસ પહેલાં

તમારી સર્જરીનો સમય નોંધો

સ્ટાફના સભ્ય તમારી સર્જરીના આગલા દિવસે તમને બપોરે 2 વાગ્યા પછી ફોન કરશે. જો તમારી સર્જરી સોમવારે કરવાની હોય, તો તેઓ તમને એના પહેલાંના શુક્રવારે કૉલ કરશે. જો તમને સાંજે 7 વાગ્યા સુધીમાં કૉલ ન આવે, તો 212-639-5014 પર કૉલ કરો.

સ્ટાફના સભ્ય તમને જણાવશે કે તમારે સર્જરી માટે કયા સમયે હોસ્પિટલ પહોંચવું. તેઓ તમને એ પણ યાદ કરાવશે કે ક્યાં જવું.

MSKના તમામ સ્થળોએ પહોંચવા માટેના રસ્તા શોધવા અને પાર્કિંગની માહિતી મેળવવા માટે www.msk.org/parking ની મુલાકાત લો.

ખાવા-પીવા માટેની સૂચનાઓ

મહત્વપૂણર્: જો તમે વજન ઘટાડવા માટે GLP-1 દવા લો છો, તો આ સૂચનાઓનું પાલન કરશો નહીં. તેના બદલે *Eating and Drinking Before Your Surgery or Procedure When Taking GLP-1 Medicines* (www.mskcc.org/cancer-care/patient-education/eating-and-drinking-before-your-surgery-or-procedure-when-taking-glp-1-medicines) માં આપેલી સૂચનાઓનું પાલન કરો.

તમારી શસ્ત્રક્રિયા અથવા પ્રક્રિયા પહેલાંની રાત્રે, મધ્યરાત્રિએ (12 વાગ્યે) ખાવાનું બંધ કરો. આમાં કઠણ કેન્ડી અને ચ્યુઇંગમનો સમાવેશ થાય છે.

તમારા આરોગ્યસંભાળ પ્રદાતાએ તમને ક્યારે ખાવાનું બંધ કરવું તે અંગે વિવિધ સૂચનાઓ આપી હશે. જો એમ હોય તો, તેમની સૂચનાઓનું પાલન કરો. કેટલાક લોકોને શસ્ત્રક્રિયા અથવા પ્રક્રિયા પહેલાં લાંબા સમય સુધી ઉપવાસ કરવાની (ભૂખ્યા રહેવાની) જરૂર પડે છે.

તમારી સર્જરીના દિવસે સવારે ખાવા-પીવા માટેની સૂચનાઓ

મહત્વપૂણર્: જો તમે GLP-1 દવા લો છો, તો આ સૂચનાઓનું પાલન કરશો નહીં. તેના બદલે *Eating and Drinking Before Your Surgery or Procedure When Taking GLP-1 Medicines* (www.mskcc.org/cancer-care/patient-education/eating-and-drinking-before-your-surgery-or-procedure-when-taking-glp-1-medicines) માં આપેલી સૂચનાઓનું પાલન કરો.

મધરાત (રાત્રે 12 વાગ્યાથી) તમારા આગમન સમયના 2 કલાક પહેલાં સુધી, નીચે

દશાર્વેલા પર્વાહી જ પીવો. બીજું કંઈ ખાવું કે પીવું નહીં. તમારા આગમનના સમયના 2 કલાક પહેલાં પીવાનું બંધ કરો.

- પાણી.
- સ્વચ્છત સફરજનનો રસ, સ્વચ્છત દરાક્ષનો રસ અથવા સ્વચ્છત કરેનબેરીનો રસ.
- ગેટોરેડ અથવા પાવરેડ.
- બ્લેક કોફી કે સાદી ચા. ખાંડ ઉમેરવી ઠીક છે. બીજું કશું ઉમેરશો નહીં.
  - કોઈપણ પર્કારનું દૂધ અથવા કર્ીમર કોઈપણ માતર્ામાં ઉમેરશો નહીં. જેમાં છોડ આધારિત દૂધ અને કર્ીમરનો સમાવેશ થાય છે.
  - ફ્લેવરવાળા સીરપ ઉમેરશો નહીં.

જો તમને ડાયાબિટીસ છે, તો તમારા પીણામાં ખાંડની માતર્ા પર ધ્યાન આપો. જો તમે આ પીણાંમાં શુગર-ફર્ી, ઓછી ખાંડવાળા અથવા ખાંડ વગરના વઝર્નનો સમાવેશ કરો છો, તો તમારા લોહીમાં ખાંડના લેવલને કાબૂમાં રાખવું સરળ બને છે.

સજર્રી અને અન્ય પર્કિર્યાઓ પહેલાં શરીરને હાઇડરેટ રાખવું લાભદાયક છે, એટલે તરસ લાગે તો પાણી પીવો. તમારી જરૂરિયાત કરતા વધારે પીવું નહીં. તમારી સજર્રી અથવા પર્કિર્યા દરમિયાન તમને નસ દ્વારા (IV) પર્વાહી આપવામાં આવશે.

તમારા આગમન સમયના 2 કલાક પહેલાં પીવાનું બંધ કરો. આમાં પાણી પણ સામેલ છે.

તમારા આરોગ્યસંભાળ પર્દાતાએ તમને ક્યારે પીવાનું બંધ કરવું તે અંગે વિવિધ સૂચનાઓ આપી હશે. જો એમ હોય તો, તેમની સૂચનાઓનું પાલન કરો.

સૂચના મુજબ તમારી દવાઓ લો

તમારી સંભાળ રાખનાર ટીમના એક સભ્ય તમને જણાવશે કે, તમારી સજર્રીના દિવસે

સવારે કઈ દવાઓ લેવી. એ દવાઓ પાણી સાથે લો. તમે નિયમિત રીતે સવારની જે દવાઓ લેતા હોવ, એના આધારે ડૉક્ટર તમને બધી દવાઓ લેવાનું કહી શકે, અમુક દવાઓ લેવાનું કહી શકે અથવા એક પણ દવા ન લેવાનું કહી શકે.

યાદ રાખવાની બાબતો

- આરામદાયક અને ઢીલા ફિટિંગવાળા કપડાં પહેરો.
- કોઈપણ લોશન, ક્રીમ, ડિઓડોરન્ટ, મેકઅપ, પાવડર, પરફ્યુમ અથવા કોલોન ન લગાવો.
- નેઇલ પોલિશ અને નેઇલ રૅપ્સ દૂર કરો.
- જો તમે કોન્ટેક્ટ લેન્સ પહેરતા હો, તો એના બદલે ચશ્મા પહેરો. સજર્રી દરમિયાન કોન્ટેક્ટ લેન્સ પહેરવાથી તમારી આંખોને નુકસાન થઈ શકે છે.
- ધાતુની કોઈ પણ વસ્તુ ન પહેરવી. શરીર પરનાં બધા ઘરેણાં કાઢી નાખો. તમારી સજર્રી દરમિયાન ઉપયોગમાં લેવાતા સાધનો જો ધાતુને સ્પશેર્, તો એનાથી તમે દઝાય શકો છો.
- કીમતી ચીજવસ્તુઓ ઘરે જ રાખો.
- જો તમને પિરીયડસ હોય તો ટેમ્પોન્સને બદલે પેડનો ઉપયોગ કરો. જરૂર મુજબ તમને નિકાલયોગ્ય અંદરનાં વસ્ત્રો તેમજ સેનિટરી પેડ આપવામાં આવશે.

શું સાથે લાવવું

- જો તમને સ્લીપ એપનિયા માટે શ્વાસ લેવામાં મદદ મળે એ માટે કોઈ સાધન વાપરતા (જેમ કે CPAP ઉપકરણ) હોય, તો એ તમારી સાથે લાવો.
- તમારું ઇન્સેન્ટિવ સ્પાયરોમીટર.
- જો તમે તૈયાર કયાર્ હોય તો હેલ્થ કેર પર્ોક્સી ફોમર્ અથવા સારવાર વિશેની તમારી ઇચ્છાઓ દશાર્વતા કાનૂની દસ્તાવેજો પણ સાથે લાવો.
- તમારો સેલફોન અને ચાજર્ર.
- જો તમારી પાસે વ્યક્તિગત વસ્તુઓ (જેમ કે ચશ્મા, શર્વણ સહાયક ઉપકરણ,

ચોકઠું, કૃતિર્મ અંગ, વિગ અને ધામિર્ક વસ્તુઓ) હોય, તો તે રાખવા માટેનું એક બોક્સ તમારી સાથે લાવો.

- આ માગર્દશિર્કા. તમારી સજર્રી પછી તમારી જાતની સંભાળ કેવી રીતે રાખવી એ શીખવવા માટે તમારી આરોગ્યસંભાળ ટીમ આનો ઉપયોગ કરશે.

તમે હોસ્પિટલમાં દાખલ થાઓ પછી

સ્ટાફના ઘણા સભ્યો તમને જન્મ તારીખ અને નામ એની જોડણી સાથે જણાવવાનું કહેશે. એ તમારી સલામતી માટે છે. સરખા અથવા સમાન નામ ધરાવતા લોકોની એક જ દિવસે સજર્રી થઈ શકે છે.

જ્યારે સજર્રી માટે કપડાં બદલવાનો સમય આવશે, ત્યારે તમને પહેરવા માટે હોસ્પિટલનો ગાઉન, બાથરોબ અને લપસતા અટકાવતાં મોજાં આપવામાં આવશે.

નસર્ સાથેની મુલાકાત

સજર્રી પહેલાં એક નસર્ તમારી મુલાકાત કરશે. તેમને જણાવો કે રાતરે્ 12 વાગ્યા પછી તમે કઈ દવા લીધી અને કેટલા વાગ્યે લીધી. ખાતરી કરો કે એમાં, ડૉક્ટરે લખી આપેલી દવાઓ અને સીધી મેડીકલ સ્ટોરમાં મળતી દવાઓ, પેચ અને કરી્મનો સમાવેશ થતો હોય.

નસર્ મોટાભાગે તમારા હાથની કોઈ એક નસમાં IV મૂકશે. જો નસર્ IV ન મૂકી શકે, તો ઓપરેશન રૂમમાં બેભાન કરતી દવા આપતા ડૉક્ટર (એનેસ્થેસિયોલોજિસ્ટ) એ IV મૂકશે.

એનેસ્થેસિયોલોજિસ્ટ સાથેની મુલાકાત

સજર્રી પહેલાં એનેસ્થેસિયોલોજિસ્ટ સાથે તમારી મુલાકાત થશે. તેઓ આ પર્માણે કરશે:

- તમારી સાથે તમારા સ્વાસ્થ્ય વિશેની માહિતી ચેક કરશે.
- પૂછશે કે શું તમને પહેલાં કયારેય એનેસ્થેસિયા લેવાથી કોઈ તકલીફ થઈ છે. એમાં ઊબકા આવવાનો (ઉલટી) અથવા દુખાવો થવાનો સમાવેશ થાય છે.
- સજર્રી દરમિયાન તમને કોઈ તકલીફ ન પડે અને તમારી સુરક્ષા જળવાય એ વિશે તમારી સાથે વાત કરશે.

- તમને કયા પ્રકારનું એનેસ્થેશિયા આપવામાં આવશે એ વિશે તમારી સાથે વાત કરશે.
- જો તમને એનેસ્થેસિયાને લઈને કોઈ પ્રશ્ન હોય તો તમને એનો જવાબ આપશે.

સર્જરી માટે તૈયાર થવું

જ્યારે તમારી સર્જરીનો સમય થશે, ત્યારે જો તમારી પાસે હોય તો તમારે તમારા સાંભળવાની સહાય માટેના ઉપકરણો, ચોકઠું, કૃત્રિમ અંગો, વિગ અને ધાર્મિક વસ્તુઓ કાઢી નાખવાની રહેશે.

તમે કાં તો ઓપરેટિંગ રૂમમાં ચાલીને જશો અથવા તમને સ્ટ્રેચર પર ત્યાં લઈ જશે. ઓપરેટિંગ રૂમની ટીમનો એક સભ્ય તમને ઓપરેટિંગ બેડ પર ચઢવામાં મદદ કરશે અને તમારા પગના નીચેના ભાગમાં કમ્પ્રેશન બૂટ પહેરાવશે. આ બૂટ ધીમેથી ફૂલશે અને સંકોચાશે, જેથી તમારા પગમાં લોહીનો પ્રવાહ જળવાઈ રહે.

જ્યારે તમે આરામદાયક સ્થિતિમાં હશો, ત્યારે તમારા એનેસ્થેશિયોલોજિસ્ટ તમારી IV લાઇન દ્વારા તમને એનેસ્થેશિયા આપશે અને તમે બેભાન થઈ જશો. તમારી સર્જરી વખતે અને સર્જરી પછી પણ તમને નસ દ્વારા પ્રવાહી આપવામાં આવશે.

તમારી સર્જરી દરમિયાન

તમે સંપૂર્ણપણે બેભાન થઈ જાઓ પછી, તમને શ્વાસ લેવામાં મદદ કરવા માટે તેઓ તમારા મોં દ્વારા તમારા શ્વસનમાર્ગમાં શ્વાસની નળી મૂકશે. તમારી સર્જરી પૂરી થયા પછી, તમારા ચીરાને ટાંકા (સ્યુચર્સ) વડે બંધ કરવામાં આવશે. તમે તમારા ચીરા પર Steri-Strips™ (સર્જિકલ ટેપની પાતળી પટ્ટીઓ) અથવા Dermabond® (સર્જિકલ ગુંદર) પણ લગાવેલા હોઈ શકે છે. સામાન્ય રીતે, જ્યારે તમે ઓપરેટિંગ રૂમમાં હોવ, ત્યારે તમારી શ્વાસ લેવાની નળી બહાર કાઢી લેવામાં આવશે.

તમારી થાઇરોઇડ સર્જરી પછી

તમને સર્જરી પછી શું થઈ શકે એ સમજવા આ વિભાગ મદદ કરશે. તમારી સર્જરી પછી હોસ્પિટલમાં અને ઘરે બંને જગ્યાએ સરસ રીતે, કોઈ પણ પ્રોબ્લેમ વગર સાજા થવાનું શીખશો.

તમે આ વિભાગ વાંચો ત્યારે તમારા ડૉૉક્ટરને પૂછવાના સવાલો લખી રાખો.

આ વિભાગ વિશે

તમારી સંભાળ રાખનાર ટીમ તમારા દુખાવાની સારવાર કરશે અને તમારા ટાંકાની આસપાસની જગ્યાની સંભાળ કઈ રીતે રાખવી એ શીખવશે. દરરોજ ચાલો અને ડોક્ટરે જણાવ્યા પ્રમાણે દવાઓ લો. ઓછામાં ઓછા 2 અઠવાડિયા સુધી 10 પાઉન્ડથી (4.5 કીલો) વધારે વજન ન ઊંચકશો. ચાર અઠવાડિયા સુધી તમારું માથું પાછળની તરફ ન નમાવશો અથવા તમારા શરીરના ઉપરના ભાગ પર ભાર પડે એવું કંઈ ન ઊંચકશો. જો તમારી થાઇરોઇડ ગ્રંથિ આખી કાઢી નાખી હોય તો તમારે જીવનભર થાઇરોઇડ હોમોર્નની દવા લેવી પડશે. તમારા ડૉક્ટર જણાવે ત્યારે જ કેલ્શિયમની દવા લો. જો તમને શ્વાસ લેવામાં તકલીફ થાય, મોંની આસપાસ અથવા આંગળીઓના ટેરવાંમાં સંવેદના ઓછી થઈ જાય અથવા ઝણઝણાટી થાય, 100.5 °F (38 °C) કે એનાથી વધારે તાવ આવે, અથવા ટાંકાની આસપાસની જગ્યા લાલ થઈ જાય, સોજો આવે કે એમાંથી પ્રવાહી નીકળે, તો તરત જ તમારા ડૉક્ટરને ફોન કરો.

પોસ્ટ-એનેસ્થેસિયા કેર યુનિટ (પીએસીયુ)માં

સજર્રી પછી તમે ભાનમાં આવશો, ત્યારે તમે પીએસીયુ (PACU) માં હશો. એક નસર્ તમારા તાપમાન, નાડી, બ્લડ પ્રેશર અને ઓક્સિજનના સ્તર પર નજર રાખશે. તમે તમારા નાકની નીચેની નળી અથવા તમારા નાક અને મોં પરના માસ્ક વડે ઓક્સિજન મેળવી શકો છો. તમારા ઘૂંટણની નીચે ખાસ દબાણ આપતા બૂટ પહેરાવવામાં આવી શકે છે. આ બૂટથી લોહીનું પરિભ્રમણ સારું રહે છે અને લોહી ગંઠાઈ જતું નથી.

તમને હોસ્પિટલના રૂમમાં ખસેડવામાં આવવું

તમારે પીએસીયુ (PACU)માં થોડા કલાકો રહી શકો છો. તમારે કેટલો સમય ત્યાં રહેવું પડશેએતે તમે કરાવેલી સજર્રીના પ્રકાર પર આધાર રાખે છે. પીએસીયુ (PACU)માં રહ્યા પછી, સ્ટાફનો એક સભ્ય તમને તમારા હોસ્પિટલના રૂમમાં લઈ જશે.

તમારા હોસ્પિટલના રૂમમાં

સજર્રી પછી તમારે હોસ્પિટલમાં કેટલો સમય રહેવું પડશે એ તમારી રિકવરી પર આધાર રાખે છે. મોટાભાગના લોકો હોસ્પિટલમાં 1 રાત રહે છે.

તમે રહેશો ત્યાં સુધી તમારા હોસ્પિટલના રૂમમાં એક નસર્ તમારી સંભાળ રાખશે. તમે ત્યાં પહોંચો એના થોડા જ સમય પછી, એક નસર્ તમને પથારીમાંથી ઊભા થવામાં અને ખુરશી પર બેસવામાં મદદ કરશે.

તમારા સંભાળ ટીમ તમને સજર્રી પછી સાજા થવાના સમય દરમિયાન તમારી પોતાની સંભાળ કેવી રીતે રાખવી તે શીખવશે.

તમારો દુખાવો ઓછો કરવા શું કરવું?

સજર્રી પછી તમને થોડો દુખાવો થશે. શરૂઆતમાં, તમને તમારી IV લાઇન દ્વારા દુખાવો ઓછો થવાની દવા આપવામાં આવશે. જ્યારે તમે પર્વાહી ગળી શકશો, ત્યારે તમને મોઢેથી લેવાતી દુખાવાની દવા (તમે ગળી શકો તેવી દવા) આપવામાં આવશે.

અમે તમને વારંવાર તમને દુખાવો કેવો રહે છે એ વિશે પૂછશું અને જરૂર મુજબ તમને દવા આપીશું. જો તમારો દુખાવો ઓછો ન થાય, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાઓમાંથી કોઈ એકને જણાવો. તમારી પીડાને નિયંતર્ણમાં રાખવી મહત્વપૂણર્ છે, જેથી તમે તમારા ઇન્સેન્ટિવ સ્પાયરોમીટરનો ઉપયોગ કરી શકો અને આસપાસ હલનચલન કરી શકો. તમારી દુખાવાને ઓછો થતો જશે તેમ તમે જલદી સાજા થશો.

હોસ્પિટલમાંથી રજા મળે તે પહેલાં તમને હળવી દુખાવાની દવાની પિર્સ્કિર્પ્શન આપવામાં આવશે. તમે તેના બદલે એક્સ્ટ્રા સ્ટ્રેન્થ એસિટામિનોફેન (Extra Strength Tylenol®) લેવાનું પસંદ કરી શકો છો. પીડાની દવાની સંભવિત આડઅસરો વિશે અને ક્યારે પિર્સ્કિર્પ્શન વગર મળતી પીડાની દવાઓ લેવાનું શરૂ કરવું તે અંગે તમારા આરોગ્યસંભાળ પર્દાતા સાથે વાત કરો.

હરવું-ફરવું અને ચાલવું

ફરવાથી અને ચાલવાથી લોહી ગંઠાવાની અને ન્યુમોનિયા (ફેફસાના ચેપ) થવાનું જોખમ

ઓછું કરવામાં મદદ મળશે. એનાથી તમને ફરીથી ગેસ છોડવામાં અને પેટ સાફ (મળત્યાગ) કરવામાં પણ મદદ મળશે. જરૂર પડે તો તમારી નસર્, ફિઝિકલ થેરાપિસ્ટ અથવા ઓક્યુપેશનલ થેરાપિસ્ટ તમને હલનચલન કરવામાં મદદ કરશે.

હોસ્પિટલમાં હોવ ત્યારે સુરક્ષિત રહેવા અને પડી જવાથી બચવા માટે તમે શું કરી શકો છો તે જાણવા માટે સંસાધન *Call! Don't Fall!* (www.mskcc.org/cancer-care/patient-education/call-dont-fall) વાંચો.

તમારા ફેફસાંની કસરત કરવી

તમારા ફેફસાં સંપૂણર્પણે ફૂલે એ માટે એની કસરત કરવી જરૂરી છે. આ ન્યુમોનિયા અટકાવવામાં મદદ કરે છે.

- તમે જાગતા હો ત્યારે દર કલાકે ઇન્સેન્ટિવ સ્પાયરોમીટરનો (ફેફસાંને સારી રીતે ફુલાવવા અને ઊંડો શ્વાસ લેવાની કસરત કરાવવા માટેનું એક સાધન) 10 વખત ઉપયોગ કરો. આ તમારા ફેફસાંને ફૂલવામાં મદદ કરશે, જે ન્યુમોનિયા અટકાવવામાં મદદ કરે છે. વધુ માહિતી માટે, સંસાધન *How To Use Your Incentive Spirometer* (www.mskcc.org/cancer-care/patient-education/how-use-your-incentive-spirometer) વાંચો.
- ખાંસી અને ઊંડા શ્વાસ લેવાની કસરતો કરો. તમારી સંભાળ રાખનાર ટીમનો એક સભ્ય તે કેવી રીતે કરવો તમને શીખવશે.

ખાવું અને પીવું

તમારી સજર્રી પછી થોડા કલાકોમાં તમે બરફના નાના ટુકડા (આઇસ ચિપ્સ) અને પર્વાહી લેવાનું શરૂ કરી શકો છો. ગળતી વખતે થોડી અસ્વસ્થતા અનુભવવી સામાન્ય છે. ધીમે ધીમે તમે સામાન્ય આહાર લઈ શકશો. પર્થમ રાત પછી તમારે આહાર સંબંધિત કોઈ પર્તિબંધોનું પાલન કરવાની જરૂર રહેશે નહીં.

હાઇપોકેલ્સિમિયાનું નિયંતર્ણ

તમારી સજર્રી પછી તમારા આરોગ્યસંભાળ પર્દાતાઓ તમારા લોહીમાં કેલ્શિયમનું સ્તર

તપાસશે અને જરૂર પડશે તો તમને કેલ્શિયમ સપ્લિમેન્ટ આપશે. તમારી પેરાથાઇરોઇડ ગરં્થિઓ ફરીથી સામાન્ય રીતે કાયર્ કરવાનું શરૂ કરે ત્યાં સુધી તમારે થોડા અઠવાડિયા સુધી આ સપ્લિમેન્ટ લેવાની જરૂર પડી શકે છે.

જો તમને તમારા હાથ, પગ અથવા મોઢાની આસપાસના ભાગમાં સુન્નતા અથવા ઝણઝણાટી થાય, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાઓમાંથી કોઈ એકને જણાવો. આ તમારા લોહીમાં કેલ્શિયમનું સ્તર ઓછું હોવાના સંકેતો છે.

હોસ્પિટલમાંથી રજા લેતા પહેલાં

